ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
રવિવારીય પૂર્તિ
રવિવાર ૭ ડિસેમ્બર, ૨૦૨૫

# હગ ડિપ્લોમસી અને આકરી પસંદગી

## પુતિનની મુલાકાત અને ભારતની વ્યૂહરચના



બહુશ્રુત

ચિરંતના ભટ્ટ

રાજકીય હિલચાલ હંમેશા પૂર્વનિશ્ચિત હોય. જો કે વડાપ્રધાન મોદી ગુરુવારે સાંજે પુતિનને પાલમ એરપોર્ટના ટાર્મેક પર જાતે આવકારવા ગયા, તેમણે તેમની આગવી સ્ટાઈલમાં રશિયન પ્રેસિડન્ટને આલિંગન આવ્યું અને પછી રશિયન લિમોઝિને બદલે મોદીની ફોર્ચ્યુનરમાં સાથે આગળની સફર કરી. આ આખી ઘટનાનો સંદેશ હજારો કહેવાયેલા શબ્દોથી કંઈક ગણો પ્રભાવી અને જોરદાર હતો એમ કહી શકાય. ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે જણાવ્યું કે "પ્રધાનમંત્રી મોદી જાતે પુતિનને મળવા આવ્યા. તે અચાનક લેવાયેલો નિર્ણય હતો, અમને તેની જાણ નહોતી." આ છેલ્લી ઘડીનું જાતે કરેલું સ્વાગત, એ પછી દિલ્હીના લોક કલ્યાણ માર્ગ પર પ્રાઈવેટ ડિનર અને છેલ્લે ભગવદ્ ગીતાની ભેટ (પુતિનને ગીતા ખરેખર સમજાય તો સંજોગો બદલાય?) એ બધું જ એક રીતે રશિયા પ્રત્યેના ભારતના અભિગમની ભાવનાત્મક તીવ્રતા વિશે કહે છે.

પરંતુ શુક્રવારે હૈદરાબાદ હાઉસમાં જ્યારે બંને નેતાઓ ઔપચારિક વાતચીત માટે બેઠા, ત્યારે બૉડી લેંગ્વેજ વધુ જટિલ નેરેટિવ આપનારી રહી. મોદી, સામાન્ય રીતે તેમની સહજ ગરમજોશી માટે જાણીતા, યુક્રેન સંઘર્ષ વિશે વાત કરતા દેખાયા. તેમના હાવભાવ મેત્રીપૂર્ણ પરંતુ મર્યાદિત હતા. "ભારત તટસ્થ નથી, ભારત શાંતિની પડખે છે," તેમણે કહ્યું. આ નિવેદન ઔપચારિક ઓછું અને નિશ્ચયાત્મક વધારે હતું. પુતિન, તેમના ભાગે, "શાંતિપૂર્ણ ઉકેલ" પર કામ કરવા વિશે વાત કરતા હતા. જો કે એ તો પુતિન છે, કોઈ નક્કર પ્રતિબદ્ધતાઓ આમ સરળતાથી ઑફર કરી દે તેવી આશા તેની પાસેથી રાખવી પણ જરા વધુ પડતું છે. આ મુલાકાત જાહેર પ્રદર્શન અને વ્યૂહાત્મક રણનીતિ એમ બંને માટે અનિવાર્ય છે.

પુતિનની ભારત મુલાકાતનો સમય પણ રસપ્રદ છે. હજી થોડા મહિના પહેલાં, ટ્રમ્પ વહીવટીતંત્રે ભારતીય માલ પર 50 ટકા ટેરિફ લાદ્યા. જેમાંથી અડધા તો સીધા રશિયન તેલની ખરીદીના સંદર્ભમાં હતા. આ ટેરિફની જાહેરાત એક વેક-અપ કૉલ હતી, જાણે ભારતને ચેતવણી હોય કે કાં તો તમે નિયમો અનુસરો અથવા નિયમો ન અનુસરવાના પરિણામ ભોગવો. ભારતે તો અમેરિકાને પોતાનો ભાગીદાર દેશ ગણ્યો હતો અને માન્યું હતું કે પરસ્પર એકબીજાનું સન્માન જાળવીને બંને રાષ્ટ્રો કામ કરશે. એમ માનવામાં આપણે ભૂલ કરી. વૉશિંગ્ટને આ ટેરિફ ફટકારીને એમ કહી દીધું કે અમે ભારતને સમાન જોડીદાર તરીકે જોતા નથી, એટલે અમે જેમ કહીએ તે કરો.

2025ની શરૂઆતમાં ભારત-અમેરિકા સંબંધો માટે આશાસ્પદ હતી. યુરોપિયન કાઉન્સિલ ઓન ફોરેન રિલેશન્સના સર્વેમાં 75 ટકા ભારતીયો "ટ્રમ્પ વેલકમર્સ" હતા. પરંતુ ટેરિફ ઉપરાંત, ટ્રમ્પે H-1B વિઝા પર નોંધપાત્ર અવરોધો ખડા કર્યા, જે વિશેષ ક્ષેત્રોમાં ભારતીય કામદારોના પ્રવાહને અસર કરનારા છે. આટલું ઓછું હોય તેમ વોશિંગ્ટન ભારતના કાયમી પ્રતિસ્પર્ધી પાકિસ્તાન સાથે દોસ્તી કરી રહ્યું છે. આ સંદર્ભે મોદી અને પુતિનનું આલિંગન માત્ર મૈત્રીનો સંકેત નથી પણ અમેરિકન વિશ્વસનીયતા અંગે ભારતની વધતી શંકાનું નિવેદન પણ છે.

ભારત-રશિયા વચ્ચેની 23મી વાર્ષિક સમિટે કેટલીક ઠોસ સિદ્ધિઓ આપી. બંને દેશો 2030 સુધીમાં વેપારને $100 બિલિયન સુધી વધારવા પ્રતિબદ્ધ છે, જે અત્યારના $68.7 બિલિયનથી નોંધપાત્ર વધારો હશે. સંરક્ષણને મામલે સહકાર, વિજ્ઞાન અને ટૅકનોલોજી, અને ઊર્જાને લગતા કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. પરંતુ આંકડાઓની પાછળ એક અસ્વસ્થ કરે તેવી વાસ્તવિકતા છુપાયેલી છે. $64 બિલિયન રશિયન આયાત સામે ભારત રશિયામાં માત્ર $5 બિલિયનની નિકાસ કરે છે, આ એક નોંધપાત્ર અસંતુલન છે.

ભારત-રશિયા સંબંધોનો પરંપરાગત આધારસ્તંભ સંરક્ષણને મામલે ભાગીદારી છે. જો કે તેની પર પણ દબાણ છે. એક સમયે ભારતના લશ્કરી હાર્ડવેરના 72 ટકા માટે જવાબદાર રશિયાનો હિસ્સો, હવે 36 ટકા સુધી ઘટી ગયો છે. યુક્રેન યુદ્ધ અને પશ્ચિમી પ્રતિબંધોને કારણે ડિલિવરીમાં હંમેશા વિલંબ થાય છે, સ્પેર પાર્ટ્સની તંગી ખડી થઈ છે, અને મોસ્કોની વિશ્વસનીયતાને નુકસાન પહોંચ્યું છે.

આ બધામાં આપણે યાદ રાખવું પડે કે રશિયાનો ચીન તરફનો ઝુકાવ પણ એક જોખમી સંકેત છે. જેમ જેમ મોસ્કો આર્થિક અને સંરક્ષણ ટેકા માટે બેઈજિંગ પર વધુ આધાર રાખે તેમ તેમ ભારતનો પ્રભાવ ઘટે. સામે ચીન મજબૂત થાય જે આપણો વ્યૂહાત્મક સ્પર્ધક મજબૂત થાય. આ ભારત માટે માત્ર બેચેન કરે એવી બાબત નથી પણ એક વ્યૂહાત્મક જોખમ છે. પુતિનની મુલાકાતનો ઉત્સાહ હોય, હોવો જોઈએ પણ આપણા નીતિને ઘડવૈયાઓએ અમુક બાબતોએ સાવચેત રહેવું પણ જરૂરી છે. સૌથી પહેલા તો રશિયા સંરક્ષણ ટેકનોલૉજી શેરિંગની વાત કરે છે, પરંતુ તેની પોતાની ટેકનોલૉજિકલ ક્ષમતાઓ પશ્ચિમી પ્રતિબંધોને કારણે પીડાય છે. મોસ્કોને સેમિકન્ડક્ટર્સ અને હાઈટેક કોમ્પોનન્ટ્સ મેળવવાના વાંધા હોય એવામાં ભારત ત્યાંથી અદ્યતન ટૅક્નોલૉજીમાં મદદ મેળવવાની અપેક્ષા ન રાખી શકે. બીજી વાત છે ચીનના સંદર્ભે. જેમ જેમ રશિયા ચીન સાથે પોતાની "અમર્યાદ ભાગીદારી" ને ઘેરી કરે છે, તે ભારત માટે પસંદગીઓ

**આપણે યાદ રાખવું પડે કે રશિયાનો ચીન તરફનો ઝુકાવ પણ એક જોખમી સંકેત છે. જેમ જેમ મોસ્કો આર્થિક અને સંરક્ષણ ટેકા માટે બેઇજિંગ પર વધુ આધાર રાખે તેમ તેમ ભારતનો પ્રભાવ ઘટે**

અઘરી બનાવશે. શું ભારત-ચીન તણાવમાં મોસ્કો તટસ્થતા જાળવી શકશે? કે પછી આર્થિક આધાર રાખવો પડતો હોવાથી મોસ્કો બેઈજિંગ તરફ ઝૂકશે? ભારતે આ વાસ્તવિકતા માટે તૈયારી કરવી જોઈએ. ત્રીજું, અમેરિકન બેકલેશની સાચી કિંમત ગણતરીમાં લેવી જરૂરી છે. 50 ટકા ટેરિફ માત્ર શરૂઆત હોઈ શકે છે. જો ભારત રશિયન તેલની ખરીદી ચાલુ રાખે અને S-400 જેવી રશિયન સંરક્ષણ પ્રણાલીઓનો ઉપયોગ કરે તો વોશિંગ્ટન CAATSA (Countering America's Adversaries Through Sanctions Act) હેઠળ પ્રતિબંધો લાગુ કરી શકે છે. આમ થાય તો ત ભારતના ઊભરતા ટૅકનોલૉજી ક્ષેત્ર અને રક્ષણ આધુનિકીકરણ યોજનાઓને મોટું નુકસાન કરી શકે છે.ચોથો મુદ્દો યુક્રેનનો છે.

અનુસંધાન પાના 4 પર...

### બાય ધી વે:

**મોદી અને પુતિન વચ્ચેની હૂંફાળી મુલાકાત હસ્તધૂનન અને સહજ હાસ્યથી ભરપુર છે, એ જોવાની મજા પણ આવે. પરંતુ બોડી લેંગ્વેજની પાછળ, કઠોર ભૌમિતિક વાસ્તવિકતાઓ છે જે હાવભાવથી ઓગળતી નથી. ભારત દેશ આવનારા વર્ષોમાં વધુ પડકારજનક વાતાવરણમાં નેવિગેટ કરી રહ્યે છે - એક જ્યાં મિત્રતા અને રાષ્ટ્રીય હિત હંમેશા સંરેખિત નથી હોતા. પુતિનની મુલાકાત એ સ્પષ્ટ કરનારી છે કે વ્યૂહાત્મક સ્વાયત્તતાની પણ કિંમત છે, અને ભારતે સાવચેતીપૂર્વક ગણતરી કરી રાખવી જોઇએ કે આપણે એ કિંમત ચૂકવવા તૈયાર છીએ કે નહીં. બાકી એક વાત તો છે, પુતિનની પ્રતિભાની આસપાસ એક ગજબનું રહસ્ય હોય એવું સતત લાગે, એમાં પાછા એમનાં બોડી ડબલ હોવાની વાતો પણ ચાલે. નેરેટિવ બનાવવું તો પછી આવું ધાંસુ બનાવવું -કોઈ દિલધડક ફિલ્મના પ્લોટ જેવું. બાકી અત્યારે તો દાસ્વીદાનિયા.**

# ભારત નથી અમેરિકાને નારાજ કરી શકતું કે નથી રશિયાને છોડી શકતું



**સ્પષ્ટવક્તા સુખે ભવેત એમ કહેવાય છે. ખોંખારો ખાઈને ભારતે અમેરિકા, રશિયા અને ચીનને કહી દેવું જોઈએ કે ભારતનું હિત ભારતની પ્રાથમિકતા હશે અને દરેક દેશને પોતાના હિત અનુસાર નીતિ અપનાવવાનો અધિકાર છે**

નો નોનસેન્સ

રમેશ ઓઝા

ઓક્ટોબર નવેમ્બર મહિનામાં ભારતે રશિયાથી કરવામાં આવતી ક્રુડની આયાતમાં 38 ટકાનો ઘટાડો કર્યો અને 28 નવેમ્બરે ભારત સરકારના વિદેશ મંત્રાલયે જાહેરાત કરી કે રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન ચોથી અને પાંચમી ડિસેમ્બરે બે દિવસ માટે ભારતની મુલાકાત લેવાના છે. નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે સૂચિત મુલાકાત વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નિમંત્રણના પ્રતિસાદરૂપે ગોઠવાઈ છે અને એ રીતે ભારત અને રશિયા વચ્ચેની 23મી વાર્ષિક શિખર પરિષદ યોજાશે.

વાત એમ છે કે ભારત અમેરિકાના દબાણ હેઠળ અમેરિકાને ખુશ કરવા રશિયન ક્રુડની આયાત ઘટાડી રહ્યું છે અને રશિયાને એ પરવડે એમ નથી. એ તો યાદ હશે કે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતથી કરવામાં આવતી આયાત પર 50 ટકા ઈમ્પોર્ટ ડ્યુટી (ટેરીફ) લાદી છે. જેમાંથી 25 ટકા દંડ રૂપે છે. ભારત જ્યાં સુધી રશિયા પાસેથી ક્રુડ ખરીદવાનું બંધ નહીં કરે ત્યાં સુધી 25 ટકા ટેરીફ પેનલ્ટી રૂપે વસુલ કરવામાં આવશે. આ ઉઘાડી નાગાઈ છે. દાદાગીરી. અમેરિકા દાદાગીરી માટે ખ્યાતી ધરાવે છે, પણ ટ્રમ્પની દાદાગીરીમાં નાગાઈ છે. ચાર મહિના થવા આવ્યા પણ ટ્રમ્પ ટસથી મસ નથી થતા. બે દેશો વચ્ચે વ્યાપાર સમજૂતી કરવા માટે પ્રયાસો ચાલી રહ્યા છે પણ છ રાઉન્ડની ચર્ચા પછી તેમાં હજુ સફળતા મળી નથી. રશિયા પાસેથી ચીન પણ ક્રુડ ખરીદે છે, પણ અમેરિકાએ રશિયા પર પેનલ્ટી લાદી નથી. ચીન પર અંધાધુંધ ટેરીફ લાદ્યા પછી ચીને એવો સણસણતો જવાબ આપ્યો કે ટ્રમ્પ કુણા પડી ગયા અને ખુદ ત્રીજા દેશમાં (દક્ષિણ કોરિયા) ચીન સાથે સમજૂતી કરવા ગયા.

એક વાત કબૂલ કરવી રહી કે ચીન જે તાકાત ધરાવે છે એ ભારત ધરાવતું નથી અને એટલે ટ્રમ્પ નાટક અને નાગાઈ કરે છે, વાણીજ્ય સમજૂતી થતી નથી અને ભારતે નાછૂટકે રશિયન તેલની આયાત ઘટાડવી પડી અને એ પણ મામુલી માત્રામાં નહીં, 38 ટકા. એક મહિનામાં 38 ટકા આયાત ઘટાડી દીધી. એક રીતે એ ભારતની અમેરિકા સામે શરણાગતી હતી. ભારત હજુ વધુ તેલની આયાત ઘટાડે એ પહેલાં પુતિન ભારત આવી ગયા. રશિયાની પણ મજબૂરી છે. યુક્રેન પર રશિયાએ આક્રમણ કર્યું એ પછી પશ્ચિમના દેશોએ રશિયા પર પ્રતિબંધ મુક્યા છે અને પુતિનને પણ એ દેશો પોતાને ત્યાં બોલાવતા નથી અથવા પ્રવેશવા દેતા નથી. પ્રવાસ પ્રતિબંધ છે. પણ રશિયા પાસે ત્રણ ચીજ છે; એક યુરેનિયમ, બીજી ચીજ છે શસ્ત્રો અને ત્રીજી ચીજ ક્રુડ તેલ. અમેરિકા ખુદ રશિયા પાસેથી યુરેનિયમ ખરીદે છે. ચીન અને ભારત તેલ ખરીદે છે. આ સિવાય ભારત રશિયા પાસેથી શસ્ત્રો પણ ખરીદે છે. ભારત તેની જરૂરિયાતનું 50 ટકા તેલ અને 70 ટકા શસ્ત્રો રશિયા પાસેથી ખરીદે છે. ભારત રશિયાને છોડી શકે એમ નથી અને અમરિકાની ઉપેક્ષા કરી શકે એમ નથી. બાયડન જ્યારે અમેરિકાના પ્રમુખ હતા ત્યારે પણ ભારત આટલી જ માત્રામાં રશિયન તેલ ખરીદતું હતું, પણ તેમણે તેની સામે વાંધો નહોતો લીધો. ટ્રમ્પ કહે છે કે કાં રશિયા અને કાં અમેરિકા. કાં મિત્ર કાં દુશ્મન. નાદાનની આ ભાષા છે. પેલી કહેવત છે ને કે નાદાન કી દોસ્તી જાન કા ખતરા. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નાદાન સાથે દોસ્તી કરી હતી. ભારત નથી અમેરિકાને નારાજ કરી શકતું કે નથી રશિયાને છોડી શકતું. તમે એક ચીજ નોંધી? રશિયન પ્રમુખ પુતિને ત્રીજા દેશના દબાણ હેઠળ નહીં આવવા બદલ ભારતની ખુમારીના મોંફાટ વખાણ કર્યા છે જ્યારે કે ભારતના વડા પ્રધાન તેલનો ત અને અમેરિકાનો અ નથી બોલ્યા. પુતિને રશિયા, ચીન અને ભારત વચ્ચે પરસ્પર સહયોગની પણ વાત કરી છે. રશિયા અને ચીને અમેરિકા વિરુદ્ધ ધરી રચી છે જેમાં તે ઈચ્છે છે કે ભારત જોડાય. પણ ભારત માટે એ વિકલ્પ પણ ખુલ્લો નથી, કારણ કે ચીન સાથે ભારતનો સરહદી પ્રદેશનો વિવાદ છે. ચીન છાશવારે લડાખ અને અરુણાચલ પ્રદેશનો પ્રશ્ન ઉઠાવીને ભારતને દબાવે છે. હમણાં પંદર દિવસ પહેલા બહુ આક્રમક ભાષામાં ચીને અરુણાચલ પ્રદેશ પર તેની માલિકીનો પ્રશ્ન ઉઠાવ્યો છે. અત્યાર સુધી આવી ખરાબ ભાષામાં ચીન બોલ્યું નહોતું. હવે ધારો કે ચીન રશિયા પર દબાણ કરે અને રશિયા ભારતને શસ્ત્રો આપવાનું બંધ કરે તો ભારતની શી હાલત થાય? રશિયા ચીનના દબાણને ખાલી શકવા જેટલું શક્તિશાળી નથી. ભારતને સંરક્ષણ માટે પણ અમેરિકા અને બીજા દેશોની જરૂર છે. ભારત માટે આગળ ખાઈ અને પાછળ કુવા જેવી સ્થિતિ છે. જાગતિક રાજકારણમાં ભારત જે સંકડામણ અનુભવી રહ્યું છે એટલી સંકડામણ તેણે આજ સુધી અનુભવી નથી. મારી દષ્ટિએ આનો ઉપાય છે સ્પષ્ટ ભૂમિકા. સ્પષ્ટવક્તા સુખે ભવેત એમ કહેવાય છે. ખોંખારો ખાઈને ભારતે અમેરિકા, રશિયા અને ચીનને કહી દેવું જોઈએ કે ભારતનું હિત ભારતની પ્રાથમિકતા હશે અને દરેક દેશને પોતાના હિત અનુસાર નીતિ અપનાવવાનો અધિકાર છે. શીતયુદ્ધના દિવસોમાં જવાહરલાલ નેહરુએ ખોંખારો ખાઈને મૂડીવાદી અને સામ્યવાદી દેશોને જણાવી દીધું હતું કે ભારત કોઈ છાવણીમાં નહીં જોડાય. વખતોવખત કારણ વિનાની વિદેશ યાત્રાઓ કરીને, કે ખોટા વખાણ કરીને કે પછી મૂંગા રહીને કોઈને રાજી ન કરી શકાય કે ન વાસ્તવિકતા બદલી શકાય. બીજો ઉપાય છે સાચી તાકાતમાં વધારો કરવાનો. ચીન જે તાકાત ધરાવે છે એવી. સાચી ટકોરાબંધ. એવી તાકાત જેમાં તમે શરતો લાદી શકો અથવા જડબાતોડ જવાબ આપી શકો. ત્રીજો ઉપાય છે ચીન સાથેના સરહદી ઝઘડાનો અંત લાવવાનો. એનો અંત આવતાની સાથે જ જાગતિક સમીકરણો બદલાઈ જશે. ચોથો ઉપાય છે કૃતક રાષ્ટ્રવાદનો નશો છોડીને વાસ્તવિકતા સ્વીકારવાનો.

### સિલી પોઇંટ

